(મૂળ અંગ્રેજીનું ગુજરાતી ભાષાંતર-કોઈપણ તફાવતમાં મૂળ અંગ્રેજી જાહેરનામું આખરી રહેશે. ચોકકસ સમજણ-અર્થઘટન માટે મૂળ અંગ્રેજી જાહેરનામાને ધ્યાને લેવા સલાહ આપવામાં આવે છે.)

ફી જાહેરનામું

ગુજરાત સરકાર

માર્ગ અને મકાન વિભાગ

નવા સચિવાલય, ગાંધીનગર

નં. જીએસઆરડીસી/ભરૂચ-દહેજ /ટોલ/૧૬૬૭/૨૦૧૫/ખાનગીકરણ

ઇ ફાઇલ નં. જીએસઆરડીસી/ફી -ઇફાઇલ/૨૧૧૩/૨૦૨૩/૦૦૨૨/એચઓડી

તા.૨૭/૦૪/૨૦૨૬

સરકારી આદેશઃ

ગુજરાત સરકારે મુંબઈ મોટર વ્હીકલ અધિનિયમ-૧૯૯૪ના સુધારો કરેલ છે જે નવા બંધાયેલા કે મજબુતીકરણ કરેલ/ પહોળા કરેલ રસ્તાઓ અને પુલો ઉપર ટોલ લેવા અધિકાર આપે છે.

1. જી.આઈ.ડી. એકટની જોગવાઈઓને અનુસરતાં, ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિ. (જી.એસ.આર.ડી.સી.) એ તેમના ધ્વારા ઓળખી કઢાયેલ સ્ટેટ હાઈવે રસ્તા નંબર એસ.એચ.૬ના મજબુતીકરણ અને છમાર્ગીયકરણનો નિર્ધાર કરેલ.

2. જી.એસ.આર.ડી.સી. એ ભરૂચ-દહેજ રસ્તો (એસ.એચ.૬) કિ.મી. ૨૦૦/૦૦ થી ૨૪૮/૨૦૦ને પહોળો તથા મજબુત કરેલ છે (પરિયોજના).

3. ગુજરાત સરકાર/જી.એસ.આર.ડી.સી. પ્રવર્તમાન કાયદાઓની જોગવાઈઓને અનુસરતાં અને વિવેકબુધ્ધીને આધીન તેમના ધ્વારા નકકી કરવામાં આવે તે પ્રમાણે (ટોલ) કર નિયત કરવો, તેની વસુલાત કરવી, ભેગી કરવી, પોતાની પાસે રાખવી અને તેનો યોગ્ય ઉપયોગ કરવો કે આ માટે કોઈક વ્યકિત ("એજન્સી") ને ફી ઉઘરાવવી, માંગવી, ભેગી કરવી, પોતાની પાસે રાખવી અને તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે નિમણૂંક કરી શકે છે.

4. સરકાર ધ્વારા મળેલ હકકની રૂએ હકનો સ્વીકાર કર્યા બાદ હવે ગુજરાત સરકાર મંજુર કરી, જાહેર કરી, આદેશ કરે છે કે જી.એસ.આર.ડી.સી. અથવા તેમના ધ્વારા અધિકૃત કરાયેલ એજન્ટ/કર્મચારીઓ અહીં નીચે આપેલ ચાર્જની યાદીના ખાના નંબર- ૨માં જણાવેલ વાહનોની અને આવા વાહનોની ખેંચાતા ટ્રેલર પાસેથી ખાના ૪માં દર્શાવ્યા પ્રમાણેનો ચાર્જ નકકી કરી વસૂલ કરશે, એકત્રિત કરશે, પોતાની પાસે રાખી તેની વિનિયોગ કરશે.

કોષ્ટક નં.૧ માં પ્રત્યેક ટોલપ્લાઝાના સ્થળે આવરી લેવાયેલ સળંગ વિસ્તારની લંબાઈ દર્શાવેલ છે.

| **અનુભાગનું નામ** | **ટોલપ્લાઝા સ્થળ** | **આવરી લેવાયેલ વિસ્તારની શૃંખલા(કિ.મી.)** | **કુલ લંબાઈ (કિ.મી.)** |
|---|---|---|---|
| ભરૂચ-દહેજ રોડ (એસ.એચ.૬) | ૨૨૭/૫૦૦ | ૨૦૦/૦૦ થી ૨૪૮/૨૦૦ | ૪૮.૨૦ |

**દરની અનુસુચિ**

ગુજરાત રાજય ધોરીમાર્ગ નં. ૬ના ૨૦૦/૦૦ કિ.મી. થી ૨૪૮/૨૦૦ કિ.મી.નો ઉપયોગ કરનારા પાસેથી વસૂલ કરવાની પાયાની ફી ના **તા.૦૧/૦૫/૨૦૨૬ થી** લાગુ પાડવાપાત્ર દર.

ટોલપ્લાઝા ખાતે વિભાગ/ગો શરૂ થતાં હોય ત્યારથી વાણિજિયક ધોરણે ચાલુ થાય તે તારીખથી ફી વસૂલ કરવામાં આવશે.

| **અ.નં.** | **વાહનોનો પ્રકાર** | બેઝ (પાયા) ટોલ દર/ ફી (રૂપિયામાં) (વાહન દીઠ એકમાર્ગીય સફર માટે ફીના દર) તા.૦૧/૦૫/૨૦૨૬ થી કિ.મી. દીઠ રૂપિયામાં) | **ખરેખર ઉપયોગકર્તા ફી પ્રતિ ટ્રીપ પ્રતિ વાહન તા. ૦૧/૦૫/૨૦૨૬ થી ભરૂચ-દહેજ રોડ (કિ.મી. ૨૦૦/૦૦ થી ૨૪૮/૨૦૦)** |
|---|---|---|---|
| 1 | ૨ એકસેલ ટ્રક | ૫.૨૩૯ | ૨૫૦ |
| 2 | ૩ એકસેલ ટ્રક | ૫.૬૭૫ | ૨૭૫ |
| 3 | હેવી કન્સ્ટ્રકશન મશીનરી અથવા અર્થ મુવીંગ ઈકવીપમેન્ટ અથવા મલ્ટી એકસેલ વ્હીકલ (૪ થી ૬ એકસેલ) | ૮.૭૩૧ | ૪૨૦ |
| 4 | ઓવર સાઈઝડ વ્હીકલ (૭ કે વધારે એકસેલ) | ૧૦.૪૭૭ | ૫૦૫ |

આ ફી, રસ્તાનો ઉપયોગ કરતાં અને ટોલપ્લાઝામાં પ્રવેશતાં અને પરિયોજના ધોરીમાર્ગ ઉપર પસાર થતાં વાહનો ઉપર, તા. **૦૧/૦૫/૨૦૨૬ના રોજ ૦૮.૦૦** કલાકની અસરથી આગળની સુચના મળે ત્યાં સુધી લેવામાં આવશે.

**વ્યાખ્યાઓ**: આ જાહેરનામામાં, અન્યથા સંદર્ભ જરૂરી હોય એ સિવાય,

i. "વાસ્તવિક ફી" એટલે પ્રાયોજના-ધોરીમાર્ગનો દરેક વિભાગ અથવા તેનો કોઈ ભાગનો ઉપયોગ કરનાર પાસેથી વસૂલાત કરાતી વાસ્તવિક ફી, જયાં લાગુ પડે ત્યાં ભરૂચ-દહેજ અને આ જાહેરનામાની યાદીમાં દરેક વિભાગ માટે આપેલ પાયાની ફી લાગુ પાડવાપાત્ર છે.

ii. "સત્તા" આ જાહરેનામાનો હેતુ પુરતો ત્યાં જી.એસ.આર.ડી.સી.

iii. "અધિકૃત વ્યકિત" ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિ. ધ્વારા નિમણૂક કરવામાં આવેલ વ્યકિત, સંસ્થા કે ટોલીંગ ઈજારદાર કે જે રસ્તાનો ઉપયોગકર્તા વાહનો પાસેથી ટોલ ઉઘરાવવા માટે અને ટોલની રકમ જી.એસ.આર.ડી.સી. સાથે નકકી થયા મુજબ વહેંચવા માટે અધિકૃત કરવામાં આવ્યા હોય.

iv. "કાર્યપાલક સત્તા" એટલે ગુજરાત સરકાર કે જી.એસ.આર.ડી.સી. ધ્વારા અધિકૃત કરવામાં આવેલ સત્તાધિકારી

v. "વાણિજિયક વર્ષ" એટલે કે જે તે વર્ષના ૧લી એપ્રિલથી શરૂ થતું અને તે પછીના વર્ષની ૩૧મી  પુરુ થતુ વર્ષ.

vi. "ફી નોટીફીકેશન" એટલે ફી વસુલાત સુચવતો રાજય સરકારનો હુકમ.

vii. "એકંદર વાહન વજન" અથવા "જીવીડબલ્યુ" એટલે કોઈપણ વાહનની બાબતમાં મોટરવાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ વાહનનું પ્રમાણિત થયેલું અને નોંધાયેલું વાહનનું અને ભારનું કુલ વજન

viii. "સરકાર" એટલે ગુજરાત સરકાર

ix. "હેવી કન્સ્ટ્રકશન મશીનરી કે અર્થ મુવીંગ ઈકવીપમેન્ટ કે મલ્ટી એકસલ વ્હીકલ" એટલે ભારે બાંધકામ મશીનરી કે માટી લઈ જતા સાધનો કે યાંત્રિક વાહનો કે માલવાહક વાહનો કે જેમાં ૪ થી ૬ એકસલ ધરાવતાં વાહનોનો સમાવેશ થાય છે અને જેમનું કુલ એકંદર વજન ૨૦,૦૦૦ કિ.ગ્રા. થી વધારે પરંતુ ૬૦,૦૦૦ કિ.ગ્રા. થી ઓછુ હોય.

x. "લેન" એટલે કેરેજ વેનો ભાગ બનતા અને ૩ મીટર અને ૫૦ સેન્ટીમીટર જેટલી પહોળાઈ ધરાવતી બાજુ

xi. "સ્થાનિક વાણિજિયક ટ્રાફિક" એટલે વાણિજિયક વપરાશ માટે વાહનની માલિકી ધરાવતા હોય અને રસ્તાનો ઉપયોગકર્તા હોય, પરંતુ અહી શરત એ રહેશે કે (અ) આ વાહન ભરૂચ જિલ્લામાં રહેતા હોય તેવા વ્યકિતની માલિકીનું રહેશે. (બ) સદર વાહન ભરૂચ જિલ્લાની સ્થાનિક આર.ટી.ઓ. ઓફીસમાં મુળ રીતે જ જી.જે. ૧૬ સ્થાનિક પાસીંગથી રજીસ્ટર્ડ હોવું જોઈએ.

xii. "મીકેનીકલ વેહીકલ" એટલે સ્વયં ઉર્જાથી સંચાલિત યાંત્રિક વાહન કે જે મોટર વેહિકલ એકટ ૧૯૮૮ માં વ્યાખ્યાયિત છે તે પ્રમાણે.

xiii. "મલ્ટી એકસલ વ્હીકલ કે ભારે ટ્રક (૪ એકસલ થી ૬ એકસલ)" એટલે એવું કોઈપણ માલવાહક વાહન, જે ૨૦,૦૦૦ (વીસ હજાર) કિલોગ્રામથી વધારે એકંદર વાહન વજન ધરાવતું મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ હેઠળ રજીસ્ટ્રર્ડ હોય

xiv. "ઓવર સાઈઝડ વ્હીકલ" એટલે એવુ યાંત્રિક વાહન કે ભાર વાહક વાહન કે જેના એકસલ ૭ કરતાં વધારે છે અને જેનું એકંદર વજન ૬૦,૦૦૦ કિ.ગ્રા. કરતાં વધારે છે તેવું વાહન.

xv. "પ્રોજેકટ હાઈવે" અથવા " હાઈવે" એટલે કોઈપણ રોડ કે બાયપાસ જે ઉકત કરારની બાંધવામાં આવેલ હોય અને જેની મરામત અને સંચાલન ઉકત કરારની કોઈપણ જોગવાઈ હેઠળ થતું હોય.

xvi. "રોડ ઓવરબ્રીજ/અંડરબ્રીજ" અથવા "આરઓબી/આરયુબી" એટલે રેલવેના પાટાની ઉપરથી કે નીચેથી પસાર થતાં રોડ ઓવરબ્રીજ/અંડરબ્રીજ કે જે ઉકત કરારની જોગવાઈ હેઠળ બાંધવામાં આવેલ હોય, જેની મરામત અને સંચાલન ઉકત કરારની કોઈપણ જોગવાઈ હેઠળ થતુ હોય.

xvii. "આરએન્ડબી, ગુજરાત રાજય" એટલે માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજય અથવા તેના ગુજરાત રાજય ધ્વારા અધિકૃત કરેલ ઓફીસર.

xviii. "જી.એસ.આર.ડી.સી." ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિ. અથવા તેના અધિકૃત કરેલ ઓફીસર.

xix. "રાજય" એટલે ગુજરાત રાજય.

xx. "સ્ટેટ હાઈવે" એટલે રાજયના અધિકાર ક્ષેત્રમાં આવતાં હોય તેવા રાજય માર્ગ, જીલ્લા માર્ગ કે અન્ય જીલ્લા માર્ગ.

xxi. "ટ્રક (ર-એકસલ/૩ -એકસલ)" એટલે એવું કોઈપણ માલવાહક વાહન, જે ૧૨૫૦૦ (બાર હજાર પાંચસો) કિલોગ્રામથી વધારે અને ૨૦,૦૦૦ થી ઓછું એકંદર વાહન વજન ધરાવતું મોટર વ્હિકલ એકટ ૧૯૮૮ હેઠળ રજીસ્ટર્ડ હોય, તેમાં રોડ રોલરનો સમાવેશ થાય છે.

xxii. "ટોલ" એટલે પ્રોજેકટ હાઈવે, બાયપાસ, પુલ અથવા રોડ ઓવરબ્રીજ/અંડરબ્રીજના ઉપભોકતાઓ ધ્વારા આ નિયમ હેઠળ ચુકવવામાં આવતો પ્રતિ કિ.મી. ટોલ ચાર્જ.

xxiii. "ટોલપ્લાઝા" એટલે ટોલ ફી એકઠી કરવા માટે બનાવવામાં આવેલ કોઈપણ બિલ્ડીંગ, માળખું કે બુથ.

5. ફી ની વસુલાત

1. રાજય સરકાર જાહેરનામુ બહાર પાડીને આ નિયમો અનુસાર પરિયોજના ધોરીમાર્ગ કાયમી પુલ, બાયપાસ કે બોગદુ જે પરિયોજનાના ભાગ હોય કે કોઈપણ ભાગ માટે ફી લઈ શકાશે, શરત કે રાજય સરકાર જાહેરનામાથી સરકારી હુકમથી પરિયોજનાના માર્ગના કોઈ પ્રભાગ કાયમી, બાયપાસ, બોગદાને જાહેર નિયમોથી બનાવેલ હોય તેને તે સરકારી હુકમની શરતોએ મુકિત આપી શકાશે.
2. દ્વિચક્રી, ત્રિચક્રી વાહનો ટ્રેલર સાથેના વાહનો ટ્રેલર સાથેના અથવા વિનાના કૃષિ ટ્રેકટરો અને પશુચાલિત વાહનો પાસેથી પરિયોજના ધોરીમાર્ગના વપરાશ માટે કોઈ ફી લેવાની રહેશે નહી.
3. વધુમાં, સ્થાનિક ટ્રાફિક કે સ્થાનિક વાણિજય ટ્રાફિક કે જે ઉકત રાજય ધોરીમાર્ગના એ ભાગનો ઉપયોગ કરતો હોય તો, તેમની પાસેથી રાજયના ધોરીમાર્ગના વપરાશ માટે કોઈ ફી લેવાની રહેશે નહી.
4. આ નિયમો હેઠળ રાજય સરકારે નિર્દિષ્ટ કરેલી ફીને સૌથી નજીકના, ૫ના ગુણાંક સુધી પુરે આંકડે કરીને વસુલ કરવાની રહેશે.

6. મુકિત આપેલ વાહનો

1. આ જાહેરનામું/સરકારી હુકમમાં જણાવ્યા પ્રમાણેના વાહનોને ટોલ ભરવામાંથી મુકિત આપવાની રહેશે.

નીચે પ્રકારનાં વાહનો ટોલમાંથી બાકાત રહેશે અને ટોલ ઉઘરાવનારે તેમને ટોલ ચાર્જ વિના સવલતોનો ઉપયોગ કરવા દેવાનો રહેશે.

વીઆઈપી-VIPનું ચિહ્ન ધરાવતા વાહનો જે સત્તાવાર અધિકૃત રીતે ભારતના નામદાર રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન, રાજયોના રાજયપાલો, ઉપ રાજયપાલો, સંઘ પ્રદેશોના રાજયપાલો, મુખ્યમંત્રીઓ, કેન્દ્ર અને રાજયના મંત્રીઓ, કેન્દ્ર અને રાજય વિધાનસભાના ક્ષેત્રાધિકાર ધરાવતા અધ્યક્ષપદ સંભાળતા પદાધિકારીઓ અને લોકસભા, રાજયસભા અને રાજય વિધાનસભામાં વિરોધપક્ષાના નેતાઓ, ભારતની સર્વોચ્ચ અને ઉચ્ચ અદાલતના ક્ષેત્રાધિકાર ધરાવતા જજ, ભારતની મુલાકાતે પધારતા વિદેશી મહાનુભાવો, મોટરકારોમાં સીડી-CD- પ્રતીક ધરાવતા ભારત ખાતે નિયુકત થયેલાં વિદેશી મિશનોના વડાઓ, સાંસદો, ધારાસભ્યો, કેન્દ્ર અને રાજય સરકારના વાહનો કે જે સરકારશ્રીના વાહનો

"જી" કેટેગરીમાં રજીસ્ટર્ડ છે. જીએસઆરડીસીના અધિકારીઓ, સ્થળના સંબંધમાં તેમની વૈધાનિક ફરજો બજાવતા પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરવો જરૂરી હોય તેવી વ્યકિતઓ, સ્વતંત્ર પરામર્શક, ગણવેશધારી સશસ્ત્ર દળો, અર્ધ લશ્કરી દળો અને સુરક્ષા દળનાં વાહનો સહિત કેન્દ્ર અને રાજયના દળો, પોલીસ વાહનો, પરમવીર ચક્ર, અશોક ચક્ર, મહાવીર ચક્ર, કીર્તિચક્ર અને શૌર્ય ચક્ર જેવા વીરતા પુરસ્કારોના વિજેતાઓને સક્ષમ સત્તાતંત્રે તેમના પુરસ્કારને અધિકૃત કરતું ઓળખપત્ર દર્શાવતા, જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખો, અગ્નિશામક દળનાં વાહનો, એમ્બ્યુલન્સ અને કટોકટી સમયમાં બચાવ કામગીરીમાં વપરાતાં વાહનો.

૨. નિર્દિષ્ટ ફી યોગ્ય રીતે ચુકવ્યા વિના પરિયોજના માર્ગનો કાયમી પુલ, બાયપાસ કે બોગદુ જે પરિયોજના માર્ગનો એક ભાગ છે. તેનો ઉપયોગ કરવા માટે ઉપયોગકર્તા નિયંત્રિત કરવાનો અથવા પ્રબંધિત કરવાનો ગુજરાત સરકાર/જી.એસ.આર.ડી.સી.ને અધિકાર છે.

7. દરોની વાર્ષિક સુધારણા અને ફી ની ઉઘરાણી

**અ. દરોની વાર્ષિક સુધારણા:**

ઉપર જણાવેલી ફીની વર્ષમાં એક વાર ૫% ફુગાવાના ટોલદર વધારીને બદલવામાં આવશે. કોરિડોર લેવલ ટોલદરના અંદાજ માટે તેની નજીકના પાંચ રૂપિયા સુધીના પૂરા આંકડામાં બદલી લેવામાં આવશે.

વાર્ષિક ટોલ ફીના સુધારણા માટેનો પાયાનો ટોલદર, પાંચ રૂપિયા પૂરા આંકડાને અવગણીને, આગળના વર્ષની ખરેખર ટોલ ફી રહેશે.

વાર્ષિક સુધારેલા ટોલ દર =[વર્ષ ૨૦૧૬ માં આપેલા વિભાગ માટેનો આધાર ટોલ રેટ (પૂર્ણાંક કર્યા વિના)] એક માર્ગીય મુસાફરી માટે વિભાગના x ૪૮.૨૦૦ કિ.મી.ના વિભાગ માટે એકમાર્ગી મુસાફરી માટેના અનુભાગના કી. મી. x (૧+૦.૦૫) ^ n “n” ૧લી એપ્રિલ ૨૦૧૬ થી સંવત્સરીની સાંખ્ય દર્શાવે છે.

**બ. દરોની વાર્ષિક સુધારણા:**

1. આ નિયમો હેઠળ લેવાની ફી જી.એસ.આર.ડી.સી. કે જીએસઆરડીસીએ નિયુકત કરેલ અધિકૃત એજન્સી ટોલ પ્લાઝા ખાતે ઉઘરાવશે.
2. કોઈપણ યાંત્રિક વાહનના ડ્રાઈવર, માલિક અથવા હવાલો ધરાવતી વ્યકિત, ટોલપ્લાઝા ક્રોસ કરતાં પહેલાં, રાજય ધોરીમાર્ગના ભાગનો ઉપયોગ કરવા માટે, આ નિયમો હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવેલી ફી ચુકવશે.
3. આ નિયમો હેઠળ ઉઘરાવવાની ફી રોકડમાં અથવા બીજા કોઈ સાધન/વ્યવસ્થાથી ચુકવી શકાશે પરંતુ અન્ય કોઈ સાધનથી ચુકવણી કરવામાં આવ્યેથી અન્ય કોઈ ચાર્જ ચુકવવાના થાય નહી તેની તકેદારી રાખવાની રહેશે.

4. પેટા નિયમ (૨) હેઠળ આવી ફી મેળવનાર વ્યકિત, યાંત્રિક વાહનના ડ્રાઈવર, માલિક અથવા હવાલો ધરાવતી વ્યકિતને એક રસીદ આપશે, જેમાં આવી ફી મળ્યાની તારીખ અને સમય, મળેલ કુલ રકમ અને જે માટે ફી લેવામાં આવી હોય તે વાહનનો વર્ગ દર્શાવેલો હોવો જોઈએ.

પરંતુ, જયારે ફી સ્માર્ટ કાર્ડ અથવા ઓન બોર્ડ યુનીટ (ટ્રાન્સપોન્ડર) અથવા એવા કોઈ સાધન થકી ચુકવવામાં આવી હોય ત્યારે, રસીદ માંગવામાં આવ્યેથી જ ઈસ્યુ કરવી.

8. વધારાનો ટોલ પ્લાઝા:

રાજય સરકાર/જીએસઆરડીસી તેમના વિવેકાધિકારથી, આ નિયમો હેઠળ ચુકવવાપાત્ર માર્ગકર ચાર્જિસથી બચવા માટે પ્રોજેકટ હાઈવેના પ્રવેશ માર્ગો (એપ્રોચ રોડઝ) નો ઉપયોગ કરતાં વાહનોનું ચેકીંગ કરવાના હેતુથી, પ્રોજેકટ હાઈવે ઉપર, માર્ગકર ઉઘરાવવા માટે વધારાના પોઈન્ટસ અને પ્રવેશ અવરોધો (એન્ટ્રી બેરીયર્સ) ઉભા કરી શકશે.

9. મુકિત આપવામાં આવી હોય તેવા વાહનો:

આ અનુસૂચિત/ફી અંગેના જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવ્યા હોય તેવા વાહનોને માર્ગકર કરવામાં મુકિત આપવાની રહેશે.

10. વારંવાર ઉપયોગ કરનારા માટે કન્સેશન /વળતર ફી:

1. ચાલક, માલિક કે યાંત્રિક વાહન જેના અધિકારમાં છે તે વ્યકિત અને જે વાહન ભરૂચ જિલ્લા સિવાય અન્ય જગ્યાએ નોંધાયેલા છે અને વારંવાર રસ્તાનો ઉપયોગ કરે છે તેમના માટે વળતર નીચે મુજબ રહેશે.
2. કાર્યપાલક સત્તા કે માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર/ગુ.રા.મા.વિ.નિ.લિ. કે તેમના ધ્વારા અધિકૃત કરાયેલ વ્યકિત કે સક્ષામ સત્તાધિકારી જે હોય તે ચાલક ધ્વારા માંગણી કરવામાં આવ્યેથી નિયત સમયમાં પરત ફરવા સાથેની વળતર ટીકીટ કે નિશ્ચિત સમયમાં વારંવાર ટોલપ્લાઝા ઓળંગવા માટેની વળતર ટીકીટ નીચે કોઠામાં જણાવ્યા આપવાની રહેશે.
3. ચાલક, માલિક કે યાંત્રિક વાહન જેના અધિકારમાં છે તે વ્યકિત જે આ પરિયોજના, પાકકા પુલો, બાયપાસ કે ટનલનો ઉપયોગ કરે છે તે નીચે જણાવ્યા પ્રમાણેની ફી ચુકવી પાસ મેળવવાના વિકલ્પો પસંદ કરી શકશે.

| ચુકવવાપાત્ર રકમ | મહત્તમ એકતરફી મુસાફરી | માન્યતાનો સમયગાળો |
|---|---|---|
| એક વખતની મુસાફરીની દોઢ ગણી રકમ | બે | પ્રથમ ટીકીટ લીધાના ૨૪ કલાક સુધી |
| પસાર એકતરફી મુસાફરી માટે ચુકવવી પડતી ફી ની ૨/૩ ફી | પચાસ | સામટી ચુકવણીની તારીખથી એક મહિના સુધી |

4. ચાલક, માલિક કે યાંત્રિક વાહન જેના અધિકારમાં છે તે વ્યકિત જે આ પરિયોજનાનો ઉપયોગ કરે છે પરંતુ ટોલપ્લાઝા ઓળંગતા નથી તેવા વ્યકિતઓ પાસેથી યુઝર ફી વસુલ કરવાની રહેશે નહી કે તેમને પાસ ઈસ્યુ કરવાના રહેશે નહી.

11. ફીની ચોરી માટે વધારાના ચાર્જ

કોઈપણ વાહન જરૂરી ફીની ચુકવણી વિના પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરે તેવા કિસ્સામાં મા.મ. વિભાગ, ગુજરાત સરકાર/જીએસઆરડીસી, લાગુ પાડવાપાત્ર કાયદો અને પરવાનગીઓને આધિન રહીને આવા વાહન અંગની જરૂરી ફી અને પરિયોજના ધોરીમાર્ગના અનધિકૃત ઉપયોગ કરવાથી પૂર્વનિયુકત પૂર્વનિર્ધારિત નુકશાન અંગે સમાન રકમ નકકી કરવા અને વસુલ કરવા હકકદાર રહેશે. પરંતુ, આવી ફી અને પૂર્વનિયત નુકશાનના નિર્ધારણ અને વસૂલાત અધિકૃત વ્યકિતના જોખમે અને ખર્ચે કરવાની રહેશે અને જી.એસ.આર.ડી.સી. કોઈ પણ રીતે તે બાબતમાં જવાબદાર ઠરશે નહી. વધુમાં, અતિલાદણ (ઓવર લોડિંગ) ની જાણ થતાં અધિકૃત વ્યકિત આવા વાહનમાંથી વધારાનો વજન દુર કરાવવામાં ન આવે ત્યાં સુધી વાહનને પરિયોજનાનો ઉપયોગ કરતાં અટકાવશે અને જી.એસ.આર.ડી.સી. પક્ષો આવા વાહન અથવા આવું વાહન ચલાવતી વ્યકિતની બાબતમાં કોઈ ચુક અથવા ત્રુટિ માટે જવાબદાર ઠરશે નહી.

12. ફીના દરનું પ્રદર્શનઃ

અધિકૃત વ્યકિત (ટોલીંગ કોન્ટ્રાકટર) પરિયોજના ધોરીમાર્ગની શરૂઆતમાં અને ટોલપ્લાઝાની નજીક, પરિયોજના ધોરીમાર્ગની બંને બાજુથી આવતા ઉપયોગકર્તાઓની જાણ માટે લાગુ પડતા દર યોગ્ય રીતે દર્શાવશે.

અધિકૃત વ્યકિત (ટોલીંગ કોન્ટ્રાકટર), આ ફી- જાહેરનામા હેઠળ ચુકવવાપાત્ર ફીના દરથી વધુ રકમનો કોઈ સુધારો, પ્રદર્શન અથવા વસૂલાત કરશે નહી. અધિકૃત વ્યકિત અથવા તેમના વતી વધારાની રકમો વસૂલ કરવામાં આવી હોય તેવા કિસ્સામાં, તેમને જીએસઆરડીસીની આવા મતલબની નોટિસ મળતાં જીએસઆરડીસીને આવી વધારાની રકમ તેના ૨૫% (પચ્ચીસ ટકા) જેટલા નુકશાન સાથે રિફંડ (પરત) કરવાની રહેશે.

ફીના દર, ફીની ચુકવણીમાંથી મુકિત આપવામાં આવીહોય તેવાં વાહનોની કક્ષાા અને કોઈ ફરિયાદ હોય તો, જે અધિકૃત વ્યકિતને ફરિયાદ કરવાની હોય તે અધિકૃત વ્યકિતનું નામ, સરનામું અને ટેલિફોન નંબર, ટોલબુથની પહેલા ૫૦૦ મીટર, ટોલ બૂથની પહેલાં ૧૦૦ મીટર અને ટોલબૂથ ખાતે પણ તરત નજરે ચડે તેમ અને આગળ પડતા ભાગે દર્શાવવાના રહેશે અને સુચના બોર્ડની ઉંચાઈ અને અક્ષારોનું કદ એવું હોવુ જોઈએ કે વાહન ચાલકોને આ સૂચના વાચવાનું સરળ બની રહેઅને આવા બોર્ડ, અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં સુવાચ્ય રીતે લખાયેલાં હોવા જોઈએ.

13. ટોલ ચાર્જને પુરા/ આખા અંકમાં તબદીલ કરવા

આ નિયમો હેઠળ દરેક વાહન પાસેથી વસુલ કરવાના ટોલ ચાર્જ નજીકના પાંચ રૂપિયામાં તબદીલ કરવામાં આવશે.

14. માર્ગ અને મકાન વિભાગ/ગુ.રા.મા.વિ.નિ. લિ. ધ્વારા ફીની ઉઘરાણી માટે નિયુકિત

અધિકૃત વ્યકિત (ટોલીંગ કોન્ટ્રાકટર), ફી વસુલાતના પ્રભારી તરીકે એક અધિકારીની નિયુકિત કરશે. અધિકૃત વ્યકિત અને ઉકત અધિકારી પણ સંમત થયેલા દરથી વધુ દરે ફી વસુલ કરવામાં આવતી નથી, અને માર્ગના ઉપયોગકર્તાઓને માટે અકારણ મુશ્કેલી ઉભી કર્યા વિના સરળતાથી વસૂલ કરવામાં આવે છે અને તે સાથે સંકળાયેલી તમામ બાબતોની ખાતરી કરવા જવાબદાર છે.

15. અનધિકૃત વસુલાત

અધિકૃત વ્યકિત (ટોલીંગ કોન્ટ્રાકટર), કોઈ વ્યકિત પાસેથી મળવાપાત્ર ન હોય અને અહીં ચૂકવવાપાત્ર ન હોય એવી રકમ વસૂલ કરે તેવા કિસ્સામાં, અધિકૃત વ્યકિત, આવી રીતે વસુલ કરેલી રકમ ઉપર વસુલાતની તારીખથી રકમ પરત કર્યાની તારીખ સુધી દરેક દિવસ દીઠ ૩% (ત્રણ ટકા) ની રકમ સહિત આવી રકમ આવી વ્યકિતને નુકશાની ઉપાય તરીકે તુરત જ પરત કરવા જવાબદાર રહેશે. ઉપર જણાવેલી રીતે નુકશાન સહિ ગણવામાં આવેલી રકમ આવી વ્યકિતને કોઈપણ કારણસર ચૂકવવામાં ન આવે તેવા કિસ્સામાં તે રકમ આવી વસૂલાતની તારીખથી ૧૫ (પંદર) દિવસમાં જી.એસ.આર.ડી.સી. ખાતે જમા કરવાની રહેશે.

16. ફી ન ભરવી

1. યાંત્રિક વાહનના કોઈ ડ્રાઈવર, માલિક અથવા હવાલો ધરાવતી વ્યકિત રાજય ધોરીમાર્ગનો ઉપયોગ કરવા બદલ ફી ન ચુકવે અથવા ચુકવવાનો ઈન્કાર કરે તો તેના વાહનને રાજય ધોરીમાર્ગના આવા ભાગનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહી. અને આવુ વાહન ટ્રાફિકના સામાન્ય પ્રવાહમાં અવરોધરૂપ બનશે તો અધિકૃત વ્યકિત આવા અવરોધરૂપ વાહનને રાજયધોરીમાર્ગ પરથી હટાવી શકશે.
2. યાંત્રિક વાહનના ડ્રાઈવર અથવા હવાલો ધરાવતી વ્યકિત આ નિયમો હેઠળ લેવાની ફી ચુકવવી ના પડે અથવા ન ચુકવે તો તે ફી યાંત્રિક વાહનના નોંધાયેલા માલિક પાસેથી વસુલ કરવામાં આવશે.
3. રાજય સરકાર કે કાર્યપાલક સત્તા કે અધિકૃત વ્યકિત પાસે એવું માનવાનું કારણ હોય કે યાંત્રિક વાહન યોગ્ય ફી ચુકવ્યા વિના રાજય ધોરીમાર્ગના કોઈ ભાગ પર ચાલી રહયુ છે તો તેઓ ફીની ચુકવણી અંગેની ખરાઈ કરવાના હેતુથી આવા વાહનોને રોકી શકશે અને તેની પાસેથી યોગ્ય ફી વસૂલ કરશે.

17. રેકર્ડની ખરાઈ કરવાની રાજય સરકારની સત્તા

રાજય સરકાર અથવા એકઝીકયુટીવ ઓથોરીટી ધ્વારા યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવેલ અધિકારી ફીની ઉઘરાણીની ખરાઈ કરવાની તેમજ ટોલ ઉઘરાવનાર એજન્સીના/અધિકૃત વ્યકિતના કોઈપણ દસ્તાવેજ, રેકર્ડઝ, અન્ય માહિતી, રસીદો અથવા અહેવાલો તપાસવાની સત્તા ધરાવશે.

18. ટોલ વસૂલાત અંગેની બાબતમાં કોઈ વ્યકિત નારાજ થાય તો તે જીએસઆરડીસીને ફરિયાદ કરી શકે. જીએસઆરડીસી આવી ફરિયાદો અંગે ૩૦ (ત્રીસ) દિવસની મુદતમાં આદેશો આપશે.

ગુજરાત સરકાર માર્ગ અને મકાન વિભાગના પત્રક્રમાંકઃ મુ.મ.સ./૧૦/૨૦૧૬/ટો.મુ./કેબીનેટ/૧૯/ખા.ક. તા. ૧૨/૦૮/૨૦૧૬થી જણાવ્યા મુજબ ટોલપ્લાઝા પર કાર/જીપ/વાન/દ્વિચક્રીય, ત્રિચક્રીય અને ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમની એસ.ટી. બસને ટોલ ભરવામાંથી મુકિત આપવાની રહેશે.

(એચ.એલ. સુથાર)
ખાસ ફરજ પરના અધિકારી (વિ. યો.),
માર્ગ અને મકાન વિભાગ,
ગુજરાત સરકાર

(નોંધઃ મૂળ અંગ્રેજી ફી નોટીફીકેશન www.gsrdc.com પર ઉપલબ્ધ છે)

**નકલ રવાનાઃ**

1. કલેકટરશ્રી, ભરૂચ જિલ્લો.
2. જિલ્લા પોલિસ અધિક્ષાકશ્રી, ભરૂચ.
3. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભરૂચ.
4. ખાનગીકરણ શાખા,માર્ગ અને મકાન વિભાગ.
5. એકાઉન્ટ બ્રાન્ચ, જીએસઆરડીસી, નિગમની વેબસાઈટ પર પબ્લીશ કરવા સારૂ.
6. આશીર્વાદ સ્માર્ટ ઇન્ફ્રાલીંક પ્રા. લી., કોઠારિયા રોડ, મીટડી, તા. માણાવદર, જી. જુનાગઢ-૩૬૨૬૩૦.

(મૂળ અંગ્રેજીનો અનુવાદ- ફકત વર્તમાનપત્રો તેમજ નિગમ અને મા.મ. વિભાગની વેબસાઈટ પર પ્રગટ થવા માટે)